ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં હજી ચાર દિવસ બેવડી ઋતુ અનુભવાશે

વાતાવરણમાં પલટો થવાથી રાત્રે ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ

ગાંધીનગર, તા.૯

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ચાર દિવસ લઘુત્તમ તમાપન ઘટશે. શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થશે. કુદરત જાણે રૂઠી હોય તેવા સંકેતો ઘણા લાંબા સમયથી જોવા મળી રહ્યા છે. વાતાવરણના બદલાવથી ખેતી, પ્રકૃતિ અને માનવીના સ્વાસ્થ્ય પર અસર જોવા મળી રહી છે. રાત્રે ઠંડીના કાતિલ સૂસવાટા અને દિવસે ગરમીના મિશ્ર અનુભવને કારણે શહેરમાં માંદગીનું પ્રમાણ વધ્યું છે. રાત્રે જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા નાગરિકોના હાડ માંસને થીજવી નાંખે છે તે જોતા દિવસે ગરમી અનુભવાય તે જનતા માનવા તૈયાર નથી. ભરશિયાળે દિવસે અનુભવાતી ગરમીને લઈને આકરો ઉનાળો કેવો હશે તે વિષય પર અત્યારથી નાગરિકો ચિંતિત હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

મોસમની ઝડપથી કરવટ બદલવાની આદતને કારણે ઋતુચક્ર અસ્પષ્ટ બની ગયું છે. ગુજરાતમાં છેલ્લા ૩ મહિના ઉપર નજર કરીએ તો છેલ્લા ૯૦ દિવસમાં શિયાળો, ઉનાળો અને ચોમાસાની અનુભુતિ કરી લીધી છે. જે રીતે મોસમમાં બદલાવ આવી રહ્યો છે અને તેની સીધી અસર કેટલીક વનસ્પતિ ઉપર પણ જોવા મળી છે. ભરશિયાળે આંબા ઉપર મોર આવવા તથા અન્ય ફળ અને પાક તેની નિર્ધારિત સીઝન કરતાં વહેલા જોવા મળવા તે બાબત વિચારવા જેવી છે.

બદલાયેલા હવામાનથી ખેડૂતોને મોટો આર્થિક ફટકો પડયો છે. જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા ફરી વળ્યા હતા તેથી નાગરિકો રાત્રે શીતગારમાં થરથર કાંપતા હતા પરંતુ સવાર થતાં જ સામાન્ય ગરમીનો અહેસાસ થવા લાગતા મોટા ભાગે બધે પંખા ચલાવવા પડે તેવી સ્થિતિ થઈ રહી છે. જો કે જે રીતે રાત્રે કાતિલ ઠંડી અને દિવસે ગરમીનું આક્રમણ જોવા મળે છે તો જોતાં આ બહુરૂપિયા મોસમથી નાગરિકો પરેશાન બની ગયા છે. અનેક વાયરલ બિમારીનો ભોગ બની રહ્યા છે. આગામી ચાર દિવસ નાગરિકોએ ડબલ ઋતુનો સામનો કરવો પડશે.

જન્મદિને વધામણી

લક્ષ્મી લીલાની
મો. ૯૪૨૯૬ ૩૪૦૪૦

નયના નિખિલ વૈષ્ણવ
મો. ૯૪૨૭૩ ૦૬૩૮૦

જય ભાનડે
મો. ૭૩૫૯૭૬૯૭૩૬

પટેલ મીત આર.
મો. ૯૮૯૮૬ ૭૮૨૩૯

ડભોડીયા દાદાના સાનિધ્યમાં ભાજપ યુવા મોરચાનો રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા.૯

આજરોજ ડભોડીયા હનુમાનજી દાદાના સાનિધ્યમાં ડભોડા ગામે ગાંધીનગર તાલુકા યુવા મોરચાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન લલિતસિંહ યાદવ, તાલુકા ભાજપના પ્રમુખ મોબતસિંહ સોલંકી, મહામંત્રી લાલભાઈ દેસાઈ તથા પિયુષભાઈ પટેલ, જિલ્લાના પ્રમુખ યુવા મોરચા વિજેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા યુવા મોરચાના પ્રમુખ આશિકભાઈ પટેલ તથા મહામંત્રી મહેશભાઈ ચૌધરી તથા આઈ.ટી સેલ ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ વિનયભાઈ પટેલ તથા આજના બ્લડ ડોનેશન કેમ્પ ના ઈન્ચાર્જ યાદવ સુરેશ સિંહ તથા યુવા મોરચાની સમગ્ર ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવા મોરચાના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યુ હતું.

કલોલના જાગૃત નાગરિક દ્વારા પ્લાસ્ટિક મુકત અભિયાન

ગાંધીનગર, તા.૯

પ્લાસ્ટિક મુકત અભિયાન પ્રોજેકટના સાચા લડવૈયા એવા કવન અમૃતભાઈ પ્રજાપતિ રહેઠાણ કલોલ કે જે પ્લાસ્ટિક મુકત અભિયાન અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ સર્દતર બંધ કરવાની વાત કરે છે અને આ માટે કૃત સંકલ્પી થઈ તેમણે પોતાના લગ્ન પ્રસંગે સામાજિક રિવાજ મુજબ ચાંદલો લખવાની પ્રથાનો ત્યાગ કરીને પ્લાસ્ટિક મુકત અભિયાનમાં સહયોગ આપવાની અપીલ કરી હતી. તમામ પ્લાસ્ટિકની વસ્તુઓને સ્થાને સ્ટીલની ડિશ, પાણી પીવાના ગ્લાસ, સૂપ, શરબત માટે વપરાતા પ્લાસ્ટિકના ગ્લાસના સ્થાને માટીના કુલ્લડનો ઉપયોગ કર્યો હતો. પ્રોજેકટની શરૂઆત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નો યુઝ ઓફ સિંગલ યુઝ પ્લાસ્ટિક સંકલ્પ સાથે સામાજીક કલ્યાણ ક્ષેત્રે અનુસ્નાતકનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રોજેકટ હાથ ધરાયો છે. પ્લાસ્ટિકના બેફામ ઉપયોગથી ઉદભવતી સમસ્યાઓ પ્રત્યે જનજાગૃતિ લાવીને પ્લાસ્ટિકનો થતો બેફામ ઉપયોગ અટકાવવાનો પ્રયાસ છે. આ માટે વિવિધ શાળા, કોલેજ, માર્કેટ જેવી જગ્યાએ કાપડની થેલીનું વિતરણ કરી જનજાગૃતિ માટેના પ્રયાસો કર્યા હતા.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં 'છત્તીસગઢનું અર્થતંત્ર' પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અને અર્થશાસ્ત્ર વિભાગના સંયુકત ઉપકમે 'છત્તીસગઢનું અર્થતંત્ર' પર એક કાર્યકમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંચાલ અને પ્રો. હેતલબેન રાવલ ના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્રની વિદ્યાર્થિનીઓએ 'છત્તીસગઢ નું અર્થતંત્ર' પર પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન તૈયાર કર્યું હતું. આ કાર્યકમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને 'છત્તીસગઢ નું અર્થતંત્ર' વિષે માહિતગાર કરવાનો હતો. આ સમગ્ર કાર્યકમમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યકમને રસપ્રદ બનાવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડો. હરીતભાઈ પટેલે માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. કમિટીના સભ્યો ડો. મયૂરી પટેલ, ડો. હિના મહેતા અને પ્રા. બાબુભાઈ ની જહેમત તથા અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંચાલ અને પ્રો. હેતલબેન રાવલના વિશિષ્ટ સહકારથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

કુડાસણમાં વીર સાવરકર તથા પરશુરામ ભગવાનની પ્રતિમા મુકવાની માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મનપાના વોર્ડ નંબર-૯માં કુડાસણ વિસ્તારમાં વીર સાવરકર તથા પરશુરામ ભગવાનનું સ્ટેચ્યુ મુકવાની રજૂઆત કરાઈ હતી. વોર્ડ નં.૯માં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત આર.એસ.એસ.ની શાખા કુડાસણ ખાતે મોટા પાયે સંગઠિત થઈને ચાલે છે. આર.એસ.એસ.ના મુખ્ય કાર્યકર્તાઓની રજૂઆત મુજબ ગાંધીનગર મનપામાં કુડાસમ ગામ જવાની રસ્તાની ચોકડી પર વીર સાવરકર મહાપુરુષ સ્ટેચ્યુ બનાવવાની માંગ કરાઈ હતી. કુડાસણ શહેરમાં બ્રહ્મસમાજની વિશાળ સંખ્યા છે. બ્રહ્મ સમાજના સ્થાનિક આગેવાનો તથા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ તરફથી રજૂઆત થઈ હતી કે શ્યામ સૃષ્ટિ ફલેટની સામે મોટો ચોક છે અને ઉકિત કોમ્પ્લેક્ષથી પોદાર સ્કૂલ જવાના માર્ગ ઉપર આ ચોક છે તો આ ચોકમાં પરશુરામ મહારાજની પ્રતિમા મુકવાની વિનંતી કરવામાં આવી છે.

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ વસાણી પોલીમર્સ કંપનીની મુલાકાતે

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના દ્વિતીય વર્ષના ૨૬૦ વિદ્યાર્થીઓએ તલોદ સ્થિત વસાણી પોલીમેર્સ પ્રાઈવેટ લિમિટેડની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના સ્થાપક કેશવલાલ વસાણી દ્વારા ઉમદા ઉદેશ્ય સાથે કંપની સ્થાપવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ એક પછી એક પ્લાન્ટની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. મેનેજર રાજ કપૂર પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ટેકનીકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈંચાર્જ ડૉ. જયેશ તન્ના, ડો આશિષ ભૂવા, ડો.નીરવ જોશી, ડો.શીતલ પટેલ, પ્રો. રિપલ મહેતાએ જહેમત ઉઠાવી હતી.

બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા વોર્ડ નં.૯ના નગરસેવકોનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૯

આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત કી ઓર અંતર્ગત બ્રહ્માકુમારીઝ સેકટર-૩ સેવા કેન્દ્ર દ્વારા નવા ચૂંટાયેલા ગાંધીનગરના વોર્ડ.નં૯ના કોર્પોરેટરોના સન્માન સમારોહ કાર્યકમ યોજાયો હતો તથા જાન્યુઆરી તપસ્યા માસના વિશેષ પુરુષાર્થી ભાઈ-બહેનોને ઈનામ વિતરણનો કાર્યકમ યોજાયો હતો. આ કાર્યકમમાં આઝાદીનાં અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત કી ઓર અંતર્ગત થનાર કાર્યકમોની માહિતી આપી હતી. જેમાં વોર્ડનં.૯ના

કોર્પોરેટર અલ્પાબેન પટેલ, શૈલાબેન ત્રિવેદી, રાજુભાઈ પટેલ, ડૉ. સંકેત પંચાસરા તથા બીકે મનોજભાઈ, બીકે સુનીતાબેન, પૂર્વ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, બિલ્ડર કૌશિકભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ૧૨૫ જેટલા ભાઈઓ બહેનોને બ્રહ્મભોજન કરાવાયું હતું. આ કાર્યકમમાં વોર્ડનં.૧ના કોર્પોરેટર રમેશભાઈ પટેલ અને કન્સર્વેટર ઓફ ફોરેસ્ટ અરુણભાઈ ચૌધરી પણ હાજર રહ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના છાત્રોનું જિલ્લા યુવા સંમેલનમાં સન્માન

ગાંધીનગર, તા.૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ, નહેરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર (ખેલ મંત્રાલય ભારત સરકાર) તથા કડી વિશ્વ વિદ્યાલયના સમાજકાર્ય વિભાગના સંયુકત ઉપકમે યુવાવિકાસ વિષય પર એક દિવસીય જિલ્લા યુવા સંમેલન યોજવામાં આવ્યું હતું. કડી વિશ્વ વિદ્યાલય સેકટર-૧૫ ખાતે આયોજિત આ કાર્યકમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે સમાજકાર્યના યુવાનોને સામાજિક પરિવર્તનના વાહક બનવા તથા સામાજિક ચેતના જગાડવા પ્રેરણા આપી હતી. આત્મનિર્ભર ભારત માટેના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના વિચારોની તેમણે ખૂબ સરળ શૈલીમાં રજૂઆત કરી હતી. આ કાર્યકમમાં અતિથિવિશેષ તરીકે વિંગ કમાન્ડર શ્રી ધર્મેન્દ્ર શર્મા, કડી વિશ્વ વિદ્યાલયના કેમ્પસ ડાઈરેક્ટર ડૉ. મિહિરભાઈ શાહ તેમજ જિલ્લા યુવા અધિકારી શ્રી પંકજભાઈ મારેચા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યકમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય અને ગરબાનું આયોજન કરાયું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન અને સમાજકાર્ય વિભાગના અધ્યક્ષા રીનાબહેન રાઓલના સહકારથી આ કાર્યકમ સંપન્ન થયો હતો.

શ્રી વિશ્વકર્મા જયંતિ નિમિત્તે ૧૪મીએ વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મહા સુદ ૧૩ તારીખ ૧૪ને સોમવારે કાર્યકમ યોજશે. જેમાં વિશ્વકર્મા દાદાનો અઢારનો પાટોત્સવ અને રાંદલમાતાનો પાંચમો પાટોત્સવ તારીખ ૧૩મીએ સવારે ૮.૦૦ કલાકે યોજાશે. વિશ્વકર્મા જયંતિની ઉજવણીના દિવસે સવારે ૭ કલાકે યજ્ઞ, સાંજે ૪.૧૫ કલાકે શ્રીફળ હોમ, સાંજે ૪.૩૦ કલાકે ધજા આરોહણ થશે. સેકટર-૧૨ શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યકમમાં દરેકે કોરોના ગાઈડલાઈન મુજબ હાજરી આપવાની રહેશે.

અડાલજ બાલાપીર સર્કલ પાસે અજાણી કારની અડફેટે સાયકલ ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ઝુંડાલથી અડાલજ બાલાપીર સર્કલ તરફ માર્ગ પર દેનાબેંકની સામે અજાણ્યા વાહનની ટક્કરે સાયકલ ચાલકનું ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. આ અકસ્માતમાં સાયકલ ચાલકને માથાના ભાગે અને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન સાયકલ ચાલકનું મૃત્યુ નિપજયુ હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હરીશચંદ્ર વાસુદેવ વર્મા અડાલજ ગામની સીમમાં એન.કે. ઈંટના ભઠ્ઠા પર ઈંટો પકવવાની મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૭ ફેબુઆરીના રોજ સવારના પોણા દશ વાગ્યાના અરસામાં ફરીયાદીના પિતાજી વાસુદેવ વર્મા સાયકલ લઈને અડાલજ થી પૈસા ટ્રાન્સફર કરવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન સાડા દશ વાગ્યાના અરસામાં ફરીયાદીના પિતાજીના મોબાઈલ પર થી ફોન આવ્યો હતો અને અજાણી વ્યકિતએ જણાવ્યું હતું કે મોબાઈલવાળા કાકાને ઝુંડાલથી અડાલજ બાલાપીર સર્કલ તરફ ના માર્ગ પર અજાણ્યા વાહને ટક્કર મારતા અકસ્માત થયો છે. જેને પગલે ફરીયાદી તેમજ તેમનો નાનો ભાઈ સુરેશ વર્મા સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો સાયકલ અકસ્માત થયેલી હાલતમાં જોવા મળી હતી. જયારે ફરીયાદીના પિતાને ૧૦૮ દ્વારા અડાલજ સીએચસી ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયાં ઈજાગ્રસ્ત વ્યકતિની સારવાર ચાલુ હતી. તેઓને માથાના પાછળના ભાગે તેમજ જમણા ખભાના ભાગે ઈજા થઈ હતી. ત્યાંથી ગાંધીનગર સિવિલ અને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયાં એડમીટ કરીને સારવાર ચાલી રહી હતી તે દરમિયાન તેઓનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. તુવોર તખુજી જુગાજી,** ઉ.વ. ૮૫, લીંબોદ્રા, માણસા
- **સ્વ. પરમાર ચંચળબેન રમણજી,** ઉ.વ. ૬૫, ડભોડા
- **સ્વ. વાઘેલા ભીખીબેન રાજુજી,** ઉ.વ. ૮૦, લેકાવાડા
- **સ્વ. ઠાકોર માનસંગભાઈ ધીંગાભાઈ,** ઉ.વ. ૬૩, સોલૈયા, માણસા
- **સ્વ. વણઝારા પ્રતાપજી નારણજી,** ઉ.વ. ૫૯, મહુન્દ્રા
- **સ્વ. બારોટ ઘનશ્યામભાઈ વ્રજલાલ,** ઉ.વ. ૬૮, વાવોલ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પારેખ મીના રાજેન્દ્ર,** ઉ.વ. ૫૯, સેકટર-૨
- **સ્વ. દવે મંજુલા લક્ષ્મીકાંત,** ઉ.વ. ૭૩, સરગાસણ

શહેરમાં રખડતા ઢોર મામલે ભારે હાલાકી

રખડતા ઢોર બાબતે જાહેર સૂચના બાદ પણ ઢોરનો અડીંગો યથાવત

ગાંધીનગર, તા.૯

શહેરના મુખ્ય માર્ગો અને આંતરીક રસ્તાઓ પર રખડતા ઢોરના કારણે જનતા ત્રાહિમામ પોકારી રહી છે. માર્ગની નજીકમાં જ અડીંગો જમાવીને ઉભા રહેતા રખડતા ઢોરને કારણે અવારનવાર અકસ્માત સર્જાતા રહે છે. જેને કારણે વાહનચાલકો તથા રાહદારીઓને અસ્થિ ભંગ સુધીની ઈજાઓ પહોંચે છે. શું તંત્રને જનતાની મુશ્કેલીઓ દેખાતી નથી?

રખડતા ઢોર ઉપરાંત કૂતરા, નીલ ગાય, વાંદરા વિગેરેના ત્રાસથી જનતા પરેશાન થઈ ગઈ છે. આ રખડતા પશુઓના કારણે શહેરીજનોને પોતાની જાનને જોખમમાં મુકવાનો વારો આવી ગયો છે. ગમે તે સમયે એકાએક રખડતા પશુઓ હુમલો કરી દેતા નાગરિકો મુશ્કેલીમાં મુકાય છે. નીલગાયના કારણે અવારનવાર અકસ્માતો સર્જાતા આવ્યા છે. વાંદરાના ટોળાઓ સાધનોને નુકસાન પહોંચાડે છે. જેથી વાહનોના નુકસાનથી ઘણો મોટ ખર્ચો થઈ જાય છે.

રખડતા ઢોર બાબતે મોટા ઉપાડે કાર્યવાહી કરવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં પશુપાલકોમાં ગંભીરતા આવી નથી. શહેરના માર્ગો પર રખડતા ઢોર અડીંગો જમાવીને બેસેલા નજરે પડે જ છે. માર્ગો પર વાહનોની પાછળ એકાએક રખડતા ઢોર દોડી આવે છે. જેમાં વાહનચાલકો ભયભીત થઈ જાય છે. અને વાહન પરનો કાબૂ ગુમાવી દેતા અકસ્માત થઈ જાય છે. ઢોર માટે જે કાર્યવાહી થવી જોઈએ તે હજી પણ થઈ શકી

નથી.

શહેરમાં ઢોરને છુટ્ટો દોર મળી જતાં જાહેર માર્ગો પર અંદરોઅંદર યુધ્ધ કરતા રાહદારી સહિત અનેક શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અગાઉ પણ અનેકવાર રાહદારીઓ અને વાહનચાલકો રખડતાં ઢોરના હુમલાનો શિકાર બની ચુકયા છે. તેમ છતાં રખડતા ઢોરો બાબતે કડકાઈ ભરી કાર્યવાહી થઈ રહી નથી. તંત્ર આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નિષ્ફળ નીવડી છે તેવું દેખાઈ રહ્યું છે. રાત્રિ દરમિયાન પણ કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રાત્રિ દરમિયાન કૂતરાઓનું ટોળું આતંક મચાવી રહ્યું છે. આખી રાત કૂતરાઓ ભસતા નાગરિકો શાંતિથી સૂઈ નથી શકતા. નોકરીયાત વર્ગ રાત્રિ દરમિયાન શાંતિથી સૂવાની રાહ જોવે ત્યાં તો આખી રાત મોટે મોટેથી ભસતા કૂતરાઓના કારણે શહેરીજનોમાં રોષ વ્યાપેલો છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં એકાએક કૂતરાઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. અગાઉ રખડતા કૂતરાઓની સંખ્યા ખૂબ ઓછી હતી. જાણે આજુબાજુના વિસ્તારમાંથી કૂતરાઓ ભરીને મુકી જતા હોય તેવી શંકા જાય છે.

રખડતા ઢોર હોય કે કૂતરા, વાંદરા, નીલગાય વિગેરે જયારે કાબૂ બહાર હોય ત્યારે ગમે તેને ફંગોળીને ફેંકી દેતા હોય છે. જેમાં ઘણા બધા નાગરિકોના અવસાન પણ થઈ ચુકયા છે. આટલી ગંભીર બાબતે તંત્ર દ્વારા કડક પગલા લેવાઈ રહ્યા નથી જેથી નાગરિકોમાં રોષ પ્રસરી રહ્યો છે. રખડતા ઢોરના માલિકો પર કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ જેથી રખડતા ઢોરો માર્ગો પર દેખાતા બંધ થશે અને નાગરિકોની સમસ્યાઓ તથા ભય ઓછો થઈ શકશે.